ઈદ-ઉલ-ફિત્ર : રમજાન માસના અંતિમ દિવસે ૨૫મીએ સાંજે ચાંદ દેખાતા ૨૬મીએ રમજાન ઈદની ઉલ્લાસપૂર્વક ઉજવણી કરાઈ હતી... ઈલ-ઉલ-ફિત્રના પાવન પર્વે શહેરના મુસ્લિમ બિરાદરોએ મોટી સંખ્યામાં ઈદગાહ ખાતે નમાઝ અદા કરી હતી... પવિત્ર નમાઝ દરમિયાન શહેરની અને સમાજની સુખાકારી માટે બંદગી કરી હતી...

કોલવડામાં કોલેરાના ત્રણ પોઝીટીવ કેસ

તંત્ર દ્વારા સઘન સર્વેલન્સ; ગામમાંથી ત્રણ પાણીના લિકેજીસ પણ મળ્યા; લીકવીડ ક્લોરીનેશન પ્લાન્ટ લગાવાયો

ગાંધીનગર, તા. ૨૬

ગાંધીનગર શહેરને અડીને આવેલ કોલવડા ગામમાંથી કોલેરાના ત્રણ પોઝીટીવ કેસ મળી આવતાં જિલ્લાનુ આરોગ્યતંત્ર ચોંકી ઉઠ્યુ છે. અગાઉ પણ આ ગામમાંથી એક કેસ મળ્યો હોવાની ચર્ચા ગ્રામજનો પાસેથી સાંભળવા મળી હતી.

ગાંધીનગર જિલ્લામાં ચોમાસાના પ્રારંભે જ જે રીતે પાણીજન્ય રોગચાળાએ માથુ ઉંચક્યુ છે તેનાથી જિલ્લા આરોગ્યતંત્રની ચિંતામાં વધારો થવા પામ્યો છે. ગત વર્ષ કરતાં આ વર્ષે જિલ્લામાં કોલેરાના કેસ વધુ નોંધાયા છે છતાં તંત્ર સબ સલામતની વાતો કરી રહ્યુ છે તે ખુબજ દુ:ખદાયક સ્થિતિ છે.

મળતી વિગતો પ્રમાણે કોલવડામાં જે ત્રણ દર્દી કોલેરાથી પિડીત જણાઈ આવ્યા છે તેમાં એક દિકરી, એક વૃદ્ધા અને એક યુવાન હોવાનું જાણવા મળેલ છે.

શનિવારે અહિ ઝાડા-ઉલ્ટીની ફરિયાદો તંત્રના ધ્યાને આવી હતી. આ પછી ૬ થી ૭ જેટલા દર્દીઓને ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. આ પછી બીજા દિવસે પણ વધુ ૪ જેટલા દર્દીઓ દાખલ કરવામાં આવ્યા હતા.

આ પૈકી ત્રણ દર્દીના સ્ટૂલની તપાસમાં દર્દીઓને કોલેરા પોઝીટીવ જણાયા હતા.

તંત્ર દ્વારા આ ગામમાં સર્વેલન્સ શનિવારથી જ સઘન રીતે શરૂ કરી દેવામાં આવ્યુ છે. ગામમાં ત્રણ જેટલા સ્થાનો પર પાણીના લીકેજીસ પણ મળી આવ્યા હતા.

તંત્ર દ્વારા ગામના વ્યાપને ધ્યાનમાં રાખી લીકવીડ ક્લોરીનેશન

● અનુસંધાન પાન-૭ પર

શહેરના વિવિધ માર્ગો આસપાસ રંગબેરંગી ફુલો નિખરશે

ચોમાસાના પ્રારંભે ૫૦ ટકા વાવેતર પુર્ણ : નગરના માર્ગોના કલરકોડ પ્રમાણે રોપાઓની વાવણી

ગાંધીનગર તા ૨૬

ગાંધીનગર શહેરમાં ચોમાસા દરમિયાન વનતંત્ર દ્વારા ૧૦ હજાર જેટલા રોપાઓની વાવણી કરવાનુ આયોજન કરવામાં આવ્યુ છે. જયારે આ પૈકી ૫૦ ટકા કામગીરી પુર્ણ કરી દેવામાં આવી છે. નગરના વિવિધ મુખ્ય માર્ગો પર કલરકોડ પ્રમાણે રોપાઓની વાવણી કરવામાં આવી છે. જેમાં જ માર્ગ પર લાલ રંગના ફુલો નિખરશે જયારે ચ માર્ગ પર પીળા રંગના પુષ્પો ખીલશે. પુરતા વરસાદના અંતે બાકીનુ વાવેતર પુર્ણ કરી દેવાશે.

શહેરમાં ચોમાસાના દિવસો દરમિયાન વિવિધ રંગના કલરકોડ પ્રમાણે રોપાઓની વાવણી કરવામાં આવે છે. ચોમાસા દરમિયાન રોપાઓની વાવણીને અનુલક્ષી વનતંત્ર દ્વારા ખાડા ખોદવાનુ કામ પણ એડવાન્સમાં કરી દેવાય છે. જો કે હજુ પુરતો વરસાદ ન થયો હોવાના લીધે રોપાઓની વાવણીનુ કામ અપુર્ણ છે. ચોમાસા દરમિયાન શહેરી વિસ્તારમાં મુખ્ય માર્ગોની આસપાસ વનવિભાગની ખાલી જગ્યામાં ૯ હજાર ૬૦૦ જેટલા રોપાઓની વાવણી કરવામાં આવશે. જયારે આ પૈકી ૫૦ ટકા વાવેતર કરી દેવાયુ છે.

માર્ગો પર વિવિધ કલરકોડ પ્રમાણે ફુલો નિખરે તે મુજબ રોપાઓની વાવણી કરવામાં આવી છે. જેમાં જ માર્ગ પર લાલ ફુલો , ચ માર્ગ પર પીળા તેમજ ઘ માર્ગ પર કેસરી અને ક માર્ગ પર સફેદ કલર મુજબ રોપાઓની વાવણી કરી દેવામાં આવી છે. જો કે હજુ રોપાઓની વાવણીનુ કામ બાકી છે. પુરતો વરસાદ આવી જાય ત્યારબાદ બાકીના રોપાઓની વાવણી કરી દેવાશે. ચોમાસા બાદ નગરના વિવિધ માર્ગો પર જુદા જુદા પ્રમાણે રોપાઓની વાવણી કરવામાં નગરના જ માર્ગથી લઈ તમામ મુખ્ય રંગના ફુલો નિખરશે.

રાયસણ-કુડાસણ વિસ્તારમાં નર્મદાના નીર પહોંચ્યા

રોજ ૧૦ લાખ લીટર પાણીનો સપ્લાય આપવામાં આવશે : આગામી દિવસોમાં ૧ કરોડ લીટર પાણી સપ્લાય કરાશે : ગુડાના ચેરમેન આશિષ દવે મુખ્યમંત્રીનો આભાર માન્યો : શિવાલીક રેસીડન્સીથી પાણી આપવાની શરૂઆત

ગાંધીનગર તા ૨૬

ગુડાના કુડાસણ અને રાયસણ વિસ્તારમાં નર્મદાના પાણીનો સપ્લાય શરૂ કરી દેવાયો છે. આજે વિધાનસભાના અધ્યક્ષના હસ્તે આ વિસ્તારના ૧ હજાર મકાનોને પાણીનો સપ્લાય આપવાનો શુભારંભ કરવામાં આવ્યો હતો. ટુંક સમયમાં જ આ વિસ્તારના ૪ હજાર મકાનોને નર્મદાનુ પાણી પુરુ પાડવામાં આવશે. રહીશોની પાણીની જરૂરિયાત સંતોષવા માટે એક કરોડ લીટર પાણીનો જથ્થો પુરો પાડવામાં આવશે.

ગાંધીનગર શહેરી વિકાસ સત્તા મંડળ દ્વારા ગુડા વિસ્તારમાં નર્મદાનુ પાણી પુરુ પાડવા માટે જરૂરી ઈન્ફાસ્ટ્રકચર ઉભુ કરી દેવાયુ છે. જયારે હાલ રાયસણ અને કુડાસણ વિસ્તારમાં વિકાસ ઝડપી બન્યો છે. ત્યારે ગુડા દ્વારા નર્મદાનુ પાણી વિસ્તારમાં પણ નર્મદાના પાણીનો સપ્લાય પુરો પાડવામાં આવશે. જયારે આજે ગુડાના રાયસણ અને કુડાસણ વિસ્તારમાં નર્મદાના પાણીનો સપ્લાય આપવાનો શુભારંભ કરવામાં

● અનુસંધાન પાન-૭ પર

સપ્લાય કરવા માટે કાર્યયોજનાનુ કામ પણ પુર્ણ કરી દેવાયુ છે. આગામી દિવસોમાં ગુડા દ્વારા અન્ય

શંકરસિંહ સહિતના કોંગ્રેસના આગેવાનો ૨૮મીએ દિલ્હી જશે

જુલાઈના પ્રથમ સપ્તાહમાં રાહુલ ગાંધી ગુજરાત આવે છે...

કોંગ્રેસમાં મનમેળ માટેના પ્રયાસોનો હેતુ

ગાંધીનગર, તા. ૨૬

કોંગ્રેસના રાષ્ટ્રપતિ પદના ઉમેદવારને સમર્થન આપવા માટે આજે ગુજરાત કોંગ્રેસના ધારાસભ્યોની બેઠકમાં સમર્થન ફોર્મની પ્રક્રિયા હાથ ધરાઈ હતી. આ ઉપરાંત ધારાસભ્યોને વ્હીપ પણ આપવામાં આવ્યો હતો.

રાષ્ટ્રપતિ પદ માટે ઉમેદવારી પત્રની અંતિમ તારીખ ૨૮ છે ત્યારે કોંગ્રેસના રાષ્ટ્રપતિ પદના ઉમેદવાર મીરાકુમારને સમર્થન આપવા માટે આજે ગાંધીનગર ખાતે વિપક્ષી નેતા શંકરસિંહ વાઘેલાની અધ્યક્ષતામાં અને પ્રદેશ પ્રમુખ ભરતસિંહ સોલંકીની ઉપસ્થિતિમાં કોંગ્રેસના ધારાસભ્યોની બેઠક મળી હતી.

આ બેઠકમાં કોંગ્રેસના ઉમેદવારને સમર્થન આપવા માટે કોંગ્રેસના ૩૫ જેટલા ધારાસભ્યોના

● અનુસંધાન પાન-૭ પર

ગાંધીનગર તા ૨૬

ગાંધીનગરમાં સિઝનનો અત્યાર સુધી બે ઈંચ વરસાદ થયો છે. ગઈકાલે રથયાત્રાના દિવસે ભગવાન જગન્નાથજીને ભીંજવીને મેઘરાજાએ વિરામ લીધો છે. આજે દિવસ દરમિયાન વાદળિયા વાતાવરણ વચ્ચે વરસાદ અદ્રશ્ય રહયો હતો. જયારે છેલ્લા ૨૪ કલાકમાં ૧૮.૫ મી મી વરસાદ નોંધાયો છે. અલબત્ત પોણો ઈંચ વરસાદ વરસ્યો હતો. વાતાવરણમાં ભેજનુ પ્રમાણ પણ નોંધપાત્ર જોવા મળ્યુ છે. સવારે ભેજનુ પ્રમાણ ૯૨ ટકા રહયુ હતુ.

ગાંધીનગરમાં મેઘરાજા હજુ મન મુકીને વરસ્યા નથી. છેલ્લા એક સપ્તાહથી અસહ્ય ઉકળાટ અનુભવતા નગરજનોની મીટ નભ તરફ મંડરાઈ છે. રોજબરોજ આકાશમાં ઘેરાતા વાદળો માત્ર છાંટણાં વરસાવીને વિદાય લઈ લેતા વરસાદની આશા ઠગારી નિવડતી હતી. જો કે ગઈકાલે અષાઢી બીજના રોજ ભગવાન જગન્નાથજી નગરચર્યા માટે નિકળ્યા હતા ત્યારે સાંજના સમયે અચાનક જ વાતાવરણ પલ્ટા સાથે મેઘરાજા ધોધમાર વરસી પડતા શહેરમાં પાણી પાણી થઈ ગયુ હતુ. તેમજ શ્રધ્ધાળુઓમાં પણ હર્ષની લાગણી વ્યાપી હતી. શહેરમાં દિવસ દરમિયાન હજુ ઉકળાટનુ પ્રમાણ રહેતા નગરજનો બફારો અનુભવી રહયા છે. ત્યારે મેઘરાજા મન મુકીને

● અનુસંધાન પાન-૭ પર

શહેરમાં છેલ્લા ૨૪ કલાકમાં ૧૮.૫ મીમી વરસાદ

વાદળિયા વાતાવરણ વચ્ચે ભેજનુ પ્રમાણ ૯૨ ટકા : નગરજનો બફારાથી ત્રસ્ત : મેઘરાજા મન મુકીને વરસે તેવી આશ



આજે બીટ ગાર્ડની ભરતી આખરી કરવા માટે ૨૫ કિમીનો વોકીંગ ટેસ્ટ લેવાશે

ગીર ફાઉન્ડેશનથી વનચેતના કેન્દ્ર સુધી વોકીંગ કરાવાશે : ગાંધીનગર રેન્જમાં ૩૧ બીટ ગાર્ડની ઘટ હલ થશે

ગાંધીનગર તા ૨૬

વન વિભાગ દ્વારા બીટગાર્ડની ભરતીને આખરી કરવા આજે વોકીંગ ટેસ્ટ લેવાશે. ગીર ફાઉન્ડેશનથી વનચેતના કેન્દ્ર સુધીના ૨૫ કી મી વોકીંગ ટેસ્ટના અંતે ગાંધીનગર રેન્જના ૩૧ ગાર્ડની ભરતીને આખરી કરાશે. લાંબા સમયના અંતે બીટગાર્ડની ભરતી થશે. જયારે ભરતીના અંતે વૃક્ષોનુ જતન તેમજ રોપા ઉછેરની કામગીરી વધુ અસરકારક બનશે.

ગાંધીનગર રેન્જમાં બીટગાર્ડની ઘટનો પ્રશ્ન લાંબા સમયથી છે. વન વિભાગ હસ્તકના વિસ્તારમાં વૃક્ષોના ઉછેર તેમજ રોપાઓની વાવણી ઉપરાંત નર્સરીના નિર્માણ માટે મહત્વની કામગીરી કરતા બીટગાર્ડની ભરતી લાંબા સમયથી થઈ નથી. જો કે બીટગાર્ડની ભરતી માટે અગાઉ પ્રકીયા હાથ ધરવામાં આવી હતી. પરંતુ આખરી કરવા માટે વોકીંગ ટેસ્ટ હજુ બાકી છે. વનતંત્રના સુત્રોના જણાંવ્યા મુજબ બીટગાર્ડની ભરતી માટે મંગળવારે વોકીંગ ટેસ્ટ લેવાશે. જેમાં સવારે ૫ કલાકે નોંધણી કરવામાં આવશે. ઉમેદવારોની નોંધણીના અંતે સવારે ૬ કલાકે ગીર ફાઉન્ડેશનથી પી ડી પી યુ તેમજ શાહપુર ચોકડી થઈ પાલજ , બાસણ ગામ થઈને વનચેતના કેન્દ્ર સુધી ૪ કલાકનો વોકીંગ ટેસ્ટ લેવાશે. જેના અંતે ગાંધીનગર રેન્જમાં લાંબા સમયથી ખાલી બીટગાર્ડની જગ્યા સો ટકા ભરતી થઈ જશે. જયારે રેન્જના વિસ્તારમાં થતી વૃક્ષ ઉછેર તેમજ વાવેતર અને નર્સરીઓ બનાવાની કામગીર પણ તેજ બનશે.

ઈંટનો શ્રેષ્ઠ, સસ્તો અને મજબૂત વિકલ્પ
ફ્લેટ, બંગલો, બાઉન્ડ્રી વોલ, ઈન્ડસ્ટ્રીયલ વોલ, સ્કૂલ, હોસ્પિટલ માટે
● ઈંટો કરતા વધારે મજબૂત અને ત્રીજા ભાગનું વજન
● ઝડપી કામ તેમજ સીમેન્ટ, રેતી, પાણી અને મજુરીમાં મોટી બચત
● ઓછી કિંમત
● દિવાલો ખૂબ જ ઓછી તપે જેથી અંદરનું વાતાવરણ ઠંડુ રહે
● ઉધઈ અને કીટક પ્રતિરોધક
● ઈલેક્ટ્રીક અને પ્લમ્બીંગ કામ માટે એકદમ સરળ
● મશીન કટ દ્વારા પરફેક્ટ સાઈઝ, એકધારી ગુણવત્તા
● ઘોંઘાટ સામે રક્ષણ (High Sound Insulation)
● દિવાલોમાંથી નિકળતા ક્ષારથી મુક્તિ
ડીલર ઈન્કવાયરી આવકાર્ય
ECO GREEN
Autoclaved Aerated Concrete Blocks
ગાંધીનગર-ચિલોડા હાઈવે, આર્મી કેમ્પ સામે, તા. જી. ગાંધીનગર | ફોન : ૭૩૫૯૪૮૮૮૨૦
sales@ecogreenproducts.in | www.ecogreenproducts.in

ઈશ્વરકૃપા ટાયર સર્વિસ
ગાંધીનગર ખાતે સૌથી જુના અને જાણીતા
એપોલો/સીયેટ
કંપનીના અધિકૃત વિક્રેતા
CEAT
BRIDGESTONE
તમામ સાઈઝના ઓરીજનલ ટાયર-ટ્યૂબ હાજર સ્ટોકમાં વ્યાજબી ભાવે મળશે
પ્લોટ નં. ૮૫૯, વિશ્વકર્મા શોપીંગ સેન્ટર, સરકારી લાઈબ્રેરીની બાજુમાં, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (દુ.) ૨૩૨૬૧૧૬૩, મો. : ૮૧૪૧૦ ૧૨૩૫૪, ૮૧૪૦૪ ૬૦૭૬૭

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT
KisaN
ashirvad
BENELAVE
DR. FIXIT
TATA STEEL • PIPES • SHEETS
ET TMT BARS Mazboot Bharat ki Pehchan
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૮૭૭
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

www.capitaloffset.in
કેપિટલ ઓફસેટ®
AN ISO 9001:2008 Certified Company
મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ
રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી. એન્જીનીયરીંગ એસ્ટેટ, સેક્ટર-૨૮, ગાંધીનગર. ફોન : ૦૭૯-૨૩૨૧૧૪૫૬, ૨૩૨૧૧૪૮૯
મો. : ૯૬૩૮૧૮૩૮૩૮, ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮,
E-mail : capitaloffsetgujarat@gmail.com
ઓફિસ : ૬૦૩ - ૬૦૪, ૬ઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ, હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેક્ટર-૧૧, ગાંધીનગર
ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯
બ્રોશર, લીફલેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર, વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા ગ્રાફિક્સ ડિઝાઈનીંગ

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@yahoo.com